૧

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ
ખાતાની જુનિયર ક્લાર્કની જગ્યાઓની
રીવાઈઝ કેડર સ્ટ્રેન્થ બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૧૨૦૧૬/૪૮૯૭૪૭/અ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૧૦/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩/૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ આરએસકે/૧૦૨૦૧૪/૨૩૦૦(૨૧)/આર

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૧૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૧૨૦૧૬/૪૮૯૭૪૭/અ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૫/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૧૨૦૨૨ /૨૭૨૨૨/અ

(૪) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૬/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ વિજાક/મકમ/૨૦૨૨-૨૩/૧૮૯૦

આમુખ:-

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના સામાન્ય વહીવટ વિભાગના તા.૩/૨/૨૦૧૪ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની જગ્યાઓની ભરતી કરવા સારૂ વિવિધ સંવર્ગોની જગ્યાઓની સમીક્ષા કરી ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર બહાર પાડવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના વિભાગના તા.૨૦/૧૧/૨૦૧૯ના ઠરાવથી જુનિયર ક્લાર્ક, વર્ગ-૩ની કુલ કેડર સ્ટ્રેન્થ ૧૦૧ નકકી કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના તા.૦૫/૦૫/૨૦૨૨ના ઠરાવથી સમાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઈ કરવા માટે વડી કચેરી ખાતે જાતિ પ્રમાણપત્ર સમિતિની રચના માટે નવું મહેકમ મંજૂર કરી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જેમાં જુનિયર ક્લાર્કની ૧-જગ્યાનો સમાવેશ કરવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણએ વંચાણે લીધા ક્રમાંક (૪)ના તા.૦૬/૦૬/૨૦૨૨ના પત્રથી નવી મંજૂર થયેલ ૧(એક)-જુનિયર ક્લાર્કની જગ્યાઓનો કેડર સ્ટ્રેન્થમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જે વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાના અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની હાલની મંજૂર થયેલ ૧૦૧ જુનિયર ક્લાર્ક (વર્ગ-૩)ની જગ્યાઓમાં ૦૧(એક) જગ્યાઓનો સમાવેશ કરી, જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) સંવર્ગની કુલ કેડર સ્ટ્રેન્થ ૧૦૨ નકકી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૪/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Chirag

(ચિરાગ પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી ('ઝ.૧' શાખા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ)
- શાખા સિલેકટ ફાઇલ.